## નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

## સાફલ્યગાથા તા.૦૩/૦૮/૨૦૨૦ થી ૦૯/૦૮/૨૦૨૦

વિક દરમ્યાન કરેલ સારી કામગીરની માસમાં નવસારી પોલીસે કરેલ સારી કામગીરીસાફલ્યગાથા)ની વિગત.

### નવસારી જીલ્લા પોલીસ

નવસારી જીલ્લા પો.અધિ.શ્રી તથા ના.પો. અધિ.શ્રી નવસારી વિભાગ નાઓએ નાસતા ફરતા/ વોન્ટેડ આરોપીઓને પકડવા સારૂ આપેલ સુચના આધારે નવસારી એસ.ઓ.જી. પો.ઈન્સ. ની જરૂરી માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. ટીમ આરોપીઓ પકડવા માટે પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન મળેલ બાતમી આધારે ડુંગરી પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૧૨૨/૨૦૧૮ પ્રોહી એક્ટ કલમ-૬૫એઈ, ૯૮(૨) મુજબના કામનો નાસતો ફરતો આરોપી રોશનકુમાર કીકુભાઈ પટેલ, રહે.હોન્ડ ગામ ચોકી ફળીયા તા.ચીખલી જી.નવસારીનો હાજર મળી આવતા ડિટેઈન કરી કોવિડ-૧૯ અનુસંધાને ટેસ્ટ કરાવી આગળની કાર્યવાહી સારૂ ચીખલી પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.



### નવસારી જીલ્લા પોલીસ

નવસારી જીલ્લા પો.અધિ.શ્રી તથા ના.પો.અધિ.શ્રી નવસારી વિભાગ નાઓએ નાસતા ફરતા/ વોન્ટેડ આરોપીઓને પકડવા સારૂ આપેલ સુચના આધારે નવસારી એલ.સી.બી. પો.ઈન્સ.ની જરૂરી માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ટીમ આરોપીઓ પકડવા માટે ખાનગી ગાડીમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન મળેલ બાતમી આધારે ચીખલી પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૪૦૩/૨૦૧૯, ૭૯૭/૨૦૧૯, તથા ૩૯/૨૦૧૮ એમ ત્રણ ગુનાઓમાં નાસતો ફરતો આરોપી દિપકભાઈ નગીનભાઈ પટેલ, રહે.વાસી-ગૌરવ સોસાયટી કીલ્લા પારડી, જી.વલસાડ હાલ રહે.ધારાનગર સ્નેહરમણપાર્ક સોસા. અબ્રામા પ્રવિણભાઈ પટેલના ભાડાના મકાનમાં તા.જી.વલસાડ ખાતે તેના ઘરે હાજર હોવાની હકિકત મળતા પોલીસ માણસોની ટીમ આરોપીના જણાવેલ સરનામે જઈ તપાસ કરતા હાજર મળી આવતા નવસારી લઈ આવી પુછપરછ કરતા ઉપરોક્ત ગુનાની કબુલાત કર્યા બાદ તેણે વલસાડ જીલ્લાના ભીલાડ પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૨૩૫/૨૦૧૮ ના ગુનામાં પણ નાસતો ફરતો હોવાનો અને મજકુર આરોપી પંકજ ઉર્ફે પપ્પુ ચેતનભાઈ રબારીનાઓ સાથે માલભરાવી આપી પયલોટીંગ કરતા હોવાની કબુલાત કરતા મજકુર આરોપીને સદર ગુનાના કામે તા.૪/૮/૨૦ ના ક.૨૨/30 વાગ્યે ડીટેઈન કરી ચીખલી પો.સ્ટે.માં ગુનાઓના કામે આગળની કાર્યવાહી માટે સોંપેલ છે.

